







**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, આરોગ્ય શાખા-જીલ્લા પંચાયત તથા હરીપર (પાળ) ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના સંયુકત ઉપક્રમે રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ....**

કોરોના વૈશ્વિક મહામારીને કાબુમાં લેવા માટે સરકારશ્રી દ્વારા ઔદ્યોગિક વસાહતોમાં થઈ રહેલ રસીકરણ અભિયાનને વેગવંતુ કરવાના શુભ આશયથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, આરોગ્ય શાખા-જીલ્લા પંચાયત તથા હરીપર (પાળ) ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના સંયુકત ઉપક્રમે ઈન્ડસ્ટ્રીઝ ઝોન ખાતે કારીગર અને શ્રમિકોને કોરોના સામેની રસી આપી પોતાને અને પોતાના પરિવારને સુરક્ષિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તે અંતર્ગત હરીપર આસપાસની વિવિધ ઈન્ડસ્ટ્રીના શ્રમિકો માટે હરીપર (પાળ) ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના બિલ્ડીંગમાં રસીકરણ કેમ્પનું તા.૨૨-૬-૨૦૨૧ ના રોજ આયોજન કરવામાં આવેલ. આ વિસ્તારના વિવિધ ઈન્ડસ્ટ્રીઝના ૧૮ થી ૪૫ વર્ષ સુધીની ઉપરના નાગરિકો-વર્કરોને સ્પોટ રજીસ્ટ્રેશન કરાવી ૨૨૦ જેટલા લોકોને વેકસીન આપવામાં આવેલ હતી.

આ રસીકરણ કાર્યક્રમ દરમ્યાન શ્રી વિજયભાઈ કોરાટ, પ્રદેશ કિશાન મોરચા મંત્રી, શ્રી ભરતભાઈ સિંગાળા, પ્રમુખશ્રી, લોધીકા તાલુકા પંચાયત, શ્રી મનોજભાઈ રાઠોડ, જીલ્લા ભાજપ અગ્રણી, શ્રીમતીભારતીબેન વિરડા, સરપંચ, હરીપર તથા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી ડો.ભંડેરી સાહેબ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી કે.વી. મોરી સાહેબ, આરોગ્ય વિભાગ જીલ્લા પંચાયતના ડો.માકડીયા સાહેબ તથા ડો.ભાલોડીયા સાહેબ વગેરે ઉપસ્થિત રહી વેકસીન માટે સૌને માર્ગદર્શન આપી પ્રોત્સાહન કરેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, માનદ્ સહમંત્રીશ્રી કિશોરભાઈ રૂપાપરા, કારોબારી સભ્યશ્રી વિનોદભાઈ કાછડિયા, હરીપર (પાળ) ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખશ્રી ડેનીશભાઈ હદવાણી, શ્રી દિપકભાઈ દોશી, શ્રી બચુભાઈ ગઢીયા, શ્રી વિમલભાઈ મોનપરા વગેરેએ જહેમત ઉઠાવેલ હતી. તથા આરોગ્ય શાખા જીલ્લા પંચાયત રાજકોટ દ્વારા રસીકરણની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.